Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**ક્રમાંક : પરીક્ષા/કોન્વો/૩૨૭૩/૨૦૨૦**
**તા.૧૮/૦૨/૨૦૨૦**

**પ્રતિ,**
**યુનિવર્સિટી સંલગ્ન કોલેજના**
**આચાર્યશ્રી/ડાયરેકટરશ્રી/હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ,**

**વિષય : ૫૧ માં વાર્ષિક પદવીદાન સમારંભમાં ડિગ્રી સર્ટીફીકેટ મેળવવા અંગે.**

**મહાશયશ્રી,**

**ઉપરોકત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે આગામી ૫૧ માં વાર્ષિક પદવીદાન સમારંભમાં જે વિદ્યાર્થીઓએ ડિગ્રી સર્ટીફીકેટ મેળવવા અંગે ફોર્મ ભરેલ હતા તેમજ જેમને ડિગ્રી સર્ટીફીકેટ એનાયત થનાર છે. તે તમામ વિદ્યાર્થીઓની જાણ માટે નીચે મુજબની માહિતી આપની કોલેજના નોટીસ બોર્ડ પર મૂકવા વિનંતી છે. તેમજ તે અંગેની જાણ આપની કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક કર્મચારીઓના ધ્યાને લાવવા વિનંતી છે.**

## : પરિપત્ર :

૫૧ મોં વાર્ષિક પદવીદાન સમારંભ "બુધવાર, તા.૨૬/૦૨/૨૦૨૦ના રોજ યોજાનાર છે. યુનિવર્સિટી પદવીદાન સમારંભ પૂર્ણ થયા બાદ ગત ત્રણ વર્ષની જેમ (૨૦૧૭–૪૮, ૨૦૧૮–૪૯, ૨૦૧૯–૫૦ માં પદવીદાન સમારંભમાં) કરેલ વ્યવસ્થા મુજબ ચાલુ વર્ષે પણ વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી પર ડીગ્રી સર્ટીફીકેટ મેળવવા માટે આવવાનું ન રહે અને નાણાં તથા સમયનો બચાવ થાય તેવા શુભ આશયથી **જે વિદ્યાર્થીઓએ હાજર/ગેરહાજર રહી ડિગ્રી સર્ટીફીકેટ મેળવવા માટે ફોર્મ ભર્યું હશે. તેવા તમામ વિદ્યાર્થીઓ માટે બુધવાર, તા.૨૬–૦૨–૨૦૨૦ના રોજ એક દિવસ પૂરતું જ ડિગ્રી વહેંચણી અંગેનું કાર્ય કરવામાં આવશે.** જે વિદ્યાર્થીઓ પદવીદાન સમારંભના દિવસે કોઈ કારણસર હાજર રહી શકે તેમ ન હોય, તેવા તમામ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા તેમના ડિગ્રી સર્ટીફીકેટ પદવી અંગેના ફોર્મમાં દર્શાવેલ સરનામે ૩૦ દિવસમાં સ્પીડ પોસ્ટ મારફતે મોકલવાની વ્યવસ્થા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. તેમજ પદવીદાન સમારંભના બીજા દિવસથી કોઈપણ વિદ્યાર્થીઓને રૂબરુમાં પ્રમાણપત્ર આપવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેવી."

ઉપરોકત પરિપત્રની જાણ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/ડાયરેકટરશ્રી/હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટને કરીએ. આદેશ માટે સાદર.

Pm

**પરીક્ષા નિયામક**